વડગામ તાલુકામાંથી પસાર થતો નેશનલ હાઈવે અને મુખ્ય રસ્તાઓ પર હિટવેવની અસર

લગ્નની સિજન હોવા છતાં સવારના દસ વાગ્યે મુખ્ય રસ્તાઓ ખાલીખમ જોવા મળ્યા

છેલ્લા કેટલાય સમયથી સમગ્ર રાજ્ય ગરમીનો પારો ઊંચો છે. ત્યારે વડગામ તાલુકામાંથી

પસાર થતો નેશનલ હાઈવે પર પણ હિટવેવની અસર જોવા મળી હતી. અને હાલમાં લગ્નની સીઝન હોવા છતાં સવારના દસ વાગ્યાના સમયે તાલુકાના મુખ્ય રસ્તાઓ ખાલીખમ જોવા મળ્યા હતા.

હાલમાં ગુજરાત રાજ્ય સહિત ડીસા અને સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ઉનાળાની ગરમી કહેર વર્તવાનું શરૂ કર્યું છે અને હાલમાં ગરમીનો પરો ૪૩ ડીગ્રીએ પહોંચ્યો છે. ત્યારે સરકાર હાલ આ અગન તાપ ગરમીને લીધે હીટવેવ જાહેર કર્યું છે અને લોકોને ૧૧ વાગ્યાથી સાંજે ૫ સુધી અગત્યના કામ સિવાય બહાર ન જવા માટે લોકોને અપીલ કરી છે. તો આ ગરમીમાં પશુ, પંખીઓ સહિત મૂંગા પ્રાણીઓની હાલત કફોડી બની છે અને જેની અસર વડગામ તાલુકામાં જોવા મળી છે અને હાલમાં લગ્ન સિજન પણ ચાલી રહી છે ત્યારે વડગામ તાલુકામાંથી નેશનલ હાઈવે સહિત બીજા તાલુકા મુખ્ય રસ્તાઓ પણ સવારના દસ વાગ્યાના સમયે સુમસામ જોવા મળ્યા હતા.

રેડબુલ રેઈન અમદાવાદની એડિશન ટીમ ઈન્કમટેક્સે જીતી

અમદાવાદ,તા. ૨૬

અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજમાં રેડ બુલની વૈશ્વિક ૩વી૩ બાસ્કેટબોલ ટૂર્નામેન્ટની સૌપ્રથમ અમદાવાદ એડિશન યોજાઈ હતી. ૩૨ ટીમોમાં ક્વીક પેસ બાસ્કેટબોલના રોમાંચક ડીસ્પ્લેમાં ટીમ ઈન્કમટેક્સે તેના પ્રતિસ્પર્ધી સ્કાય બાસ્કેટબોલર્સને અમદાવાદ સીટી ક્વોલિફાયર્સ ફાઈનલમાં ૨૦-૧૫થી હાર આપી હતી અને અમદાવાદ ક્વોલિફાયર્સમાં પ્રવેશી હતી. ટીમ ઈન્કમટેક્સે અમદાવાદ બોલર્સને સેમીફાઈનલ-૧માં ૧૮-૧૨થી અને સ્કાય બાસ્કેટબોલર્સે એસએક્સસીએને ૧૭-૧૪થી બીજી સેમી ફાઈનલ-૨માં હાર આપી હતી. અમદાવાદ સિટી વિજેતાઓ હવે જૂનના પ્રથમ સપ્તાહમાં મુંબઈ ખાતે યોજાનારી નેશનલમાં લડશે અને ભારતીય વિજેતા ચાલુ વર્ષે યોજનારી વર્લ્ડ્ઝ ફાઈનલ્સમાં પ્રતિનિધિત્વ કરવા માટે આગળ વધશે. રેડ બુલ રેઈન એ સ્ટેમિના, શક્તિની ટેસ્ટ છે, તેમજ પ્રતિસ્પર્ધીને આપેલા સમય (૧૦ મિનીટ)માં હરાવી દેવા માટે વધુને વધુ પોઈન્ટસ હાંસલ કરવાનો પ્રયત્ન કરે છે.

અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચતા પ્રજાજનો બેચેન

ગરમીથી બચવા પ્રજાજનોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યુ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં સૂર્યદેવ ધગધગતા તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચતા પ્રજાજનો અસહ્ય તાપનો અનુભવ કરી રહ્યા છે. હાલની અસહ્ય ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠેલા લોકો ગરમીથી રાહત મેળવવા ઠંડા પીણાં લીંબુનો સરબત અને શેરડીના રસના સહારો લઈ રહ્યા છે.

અસહ્ય ગરમીના કારણે કેટલાય વાહન ચાલકો બુકાનધારીમાં જોવા મળે છે. તાપની અસહ્ય ગરમીથી બચવા હાથ-મોં ઢાંકી દઈને વાહન ચલાવવા મજબુર બનવું પડતું હોવાનું વાહન ચાલકો જોવા મળી રહ્યા છે. બપોરના સુમારે સતત વાહનો અને રાહદારીઓથી ધમધમતા માર્ગો સુમસામ બનતા કુદરતી કરફ્યુ લાદયો હોય તેવો માહોલ પ્રવર્તી રહ્યો છે.

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બપોરના સમયે ખેડૂતો-મજૂરો પણ વૃક્ષના છાયા તળિયે આરામ ફરમાવી રહ્યા છે. ખેડૂતો અને મજૂરો વહેલી સવારે અને સાંજના સુમારે કામ કરવાનું મુનાસીબ માની રહ્યા છે. સવારથી જ ગરમી અનુભવાઈ

જીલ્લાના પ્રજાજનો પંખા, એરકુલર હીટસ્ટ્રોકના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ઉનાળો હાલ જાણે તેના યૌવન કાળમાં આવી ગયો છે અને રહી છે. એપ્રિલ માસના અંતિમ દિવસોમાં જ સૂર્યદેવે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા મે મહિનામાં ગરમીનો પારો રેકોર્ડ તોડે તો નવાઈ નહિ..? અને એ.સી.માંથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. પાલતુ પશુઓ અને ગગનમાં વિહરતા પક્ષીઓની હાલત કફોડી બની છે.

મોરબી પાસે બે કાર સામ સામે ટકરાતા પાંચના કરૂણ મોત

રાજકોટ,તા.૨૬

ગુજરાતના ગમખ્વાર અકસ્તમાત થતાં પાચ લોકોના મોત થયા છે. અન્ય બે મહિલાઓને ઈજા થઈ છે. મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. મોરબીના માલિયા-અમદાવાદ હાઈવે પર આ અકસ્માત થયો હતો. મોરબીના માળિયા-અમદાવાદ હાઈવે પર બે કાર વચ્ચે અકસ્માતમાં એક મહિલા સહિત પાંચ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ૨ મહિલાને ઘાયલ મહિલાઓને ૧૦૮ની મદદથી મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થ ખસેડાયા હતા. બનાવની જાણ થતાં માળિયા પીએસઆઈ જે.ડી.ઝાલા અને તેની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહનો કબ્જો મેળવી પીએમ માટે માળિયાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

શેવરોલેટ બીટ અને હ્યુન્ડાઈ આઈ-૨૦ વચ્ચે ટક્કર થઈ હતી. હાઈવે પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બંને કારનો કચ્ચરઘાણ નીકળી ગયોઃ મળતી માહિતી મુજબ મોરબીના માળિયા-અમદાવાદ હાઈવે પર આવેલ માણાબા ગામના પાટિયા નજીક પુર ઝડપે આવેલી એક કારે રોંગ સાઈડમાં આવતી કારને ઠોકર મારતા અકસ્માત સર્જાયો હતો. ટક્કર થતાની સાથે બંને કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

મોડાસાની બેંક ઓફ બરોડામાં ગ્રાહકોને પડતી હાલાકી

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માધ્યમ આવેલી બેંક ઓફ બરોડામાં આવતા ગ્રાહકો જગ્યાના અભાવે

ઉનાળામાં ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. બેંકનું એટીએમ અને પાસબુક ભરવાનું મશીન છાસવારે ખોટકાતા અને બેંકની અંદર રાખેલું હોવાથી ગ્રાહકોની ભારે ભીડ થતા ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે. અન્ય રાષ્ટ્રીયકૃત બેંકની માફક પાસબુક ભરવાનું પ્રિન્ટિગ મશીન અન્ય સ્થળે ખસેડવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

છેલ્લા કેટલાય દિવસથી મોડાસાની બેંક ઓફ બરોડા બેંકમાં પાસબુક પ્રિન્ટિગ મશિન બંધ હાલતમાં હોવાથી ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાથી બેંકના જવાબદાર અધિકારીઓને ઉગ્ર રજુઆત કરતા બ્રાન્ચ દ્વારા તાબડતોબ કાર્યવાહી કરીને ચાલુ કરવામાં આવ્યું હતું પણ પાસબુક પ્રિન્ટિગ મશિન બેંકમાં જ હોવાને કારણે ગ્રાહકોને હાલાકીઓ પડી રહી છે. બેંકના ગ્રાહકો બેંકની કામગીરી માટે આવે છે તેના કરતા બમણાં ગ્રાહકો તો માત્ર પાસબુક પ્રિન્ટ માટે આવતા હોવાથી બેંકમાં ભીડ થતા ગ્રાહકોને શ્વાસ લેવામાં પણ ભારે તકલીફ થઈ રહી હોય તેવો અહેસાસ અનુભવે છે.

બેંકની અંદરજ પાસબુક પ્રિન્ટિંગ મશીન માટેની સુવિધા હોવાથી ગ્રાહકો બેંકના સમય દરમિયાન જ પાસબુક ભરાવી શકતા હોવાથી ગ્રાહકોની માંગ છે કે, પાસબુક પ્રિન્ટિંગ મશિન અન્યત્ર ખસેડવામાં આવે તો ગ્રાહકોને ચોવિસ કલાક તેનો લાભ મળી શકે. કેટલાક ગ્રાહકો તો પાસબુક ભરવાની લાઈન જ જોઈ પાછા વળી જતા હોય છે બેંકની બહાર પાર્કિંગ સુવિધાનો અભાવ હોવાથી ગ્રાહકોએ રોડ પર તેમના વાહનો ઉભા રાખવા પડતા હોવાથી ટ્રાફિક પોલીસની કામગીરીનો ભોગ પણ બનવું પડતું હોય છે અને નાહકનું દંડાવું પડે છે.

ખેડબ્રહ્મામાં માતૃ પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્માની ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અશ્વિનભાઈ જોશી (મા બાપને ભૂલશો નહીં) ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના ટ્રસ્ટી ગોપાલભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ દ્વારા અશ્વિનભાઈનું સાફો પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના બાળકોએ તેમના વાળીઓનું પૂજન કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ અશ્વિનભાઈએ પોતાની આગવી શૈલીમાં સંગીતમય માતૃ-પિતૃ વંદના કાર્યકામ રજુ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગ્રેવીટી સ્કૂલનો સ્ટાફ, બાળકો, વાલીઓ અને મોટી સંખ્યામાં ખેડબ્રહ્મા શહેરીજનો ઉપસ્થિત રહયા હતા.

અપરાધી નારાયણ સાંઈ બિમારીઓનું ઘર બન્યો

અમદાવાદ, તા. ૨૬

નારાયણ સાંઈ હાલ લાજપોર જેલમાં સમય વિતાવી રહ્યો છે. ત્યારે મહેલ જેવા આશ્રમોમાં લક્ઝુરિયસ લાઈફ જીવતા અને ગમે ત્યારે ફૂલ ફેંકીને સાધિકાઓ સાથે સહશયન કરવા માટે જાણીતા બનેલા નારાયણ સાંઈને લાજપોર જેલમાં બિમારીઓનો ભોગ બન્યો છે. નારાયણ સાંઈને કમર, હાડકાંનો રોગ થયો છે. સાથે જ દાંતના અને જડબાને લગતાં રોગો થયા હોવાની અવારનવાર ફરિયાદ કરતો રહે છે. જેથી તેને અવારનવાર સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવતો હોય છે. તા.૨૫ એપ્રિલ, ૨૦૧૮ના રોજ નારાયણ સાંઈના પિતા આસારામે જોધપુર કોર્ટે યૌનશોષણ કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી. આસારામ સાથે શિલ્પી અને શરદચંદ્રને પણ ૨૦-૨૦ વર્ષની સજા ફટકારી હતી. હાલ આસારામ આજીવન કેદની સજામાં જેલમાં બંધ છે.

ચૈત્ર મહિનામાં બારમાસી ખાદ્યપદાર્થો ભરવાની સિઝન શરૂ

માર્કેટયાર્ડમાં મબલખ આવક થઈ : મરી-મસાલા, કઠોળ, ચોખા, ઘઉં ભરવાનો રહિશો દ્વારા પ્રારંભ : ઘઉંમા મણ દીઠ ૪૦ થી ૫૦ રૂપિયાનો વધારો

મોડાસા, તા. ૨૬

એપ્રિલ માસની શરૂઆત થતાંની સાથે જ બારમાસી ખાદ્ય પદાર્થોની ચીજ વસ્તુઓ ભરવાની

સિઝનની શરૂઆત થઈ જાય છે. ખાસ કરીને ચૈત્ર માસના પ્રારંભે જ મરી મસાલા સહિત કઠોળ, ચોખા અને ઘઉં ભરવાનો પ્રારંભ થઈ જતો હોય છે જેને લઈને અરવલ્લી-સાબરકાંઠા માર્કેટયાર્ડ ખાતે ઘઉંની મબલખ આવક જોવા મળી રહી છે. માર્કેટયાર્ડમાં વહેલી સવારથી જ ખેડૂતો દ્વારા ઘઉંના ઢગલા ખડકી દેવામાં આવતાં મોડાસા, હિંમતનગર, બાયડ, ઈડર, ટીંટોઈ સહિતના માર્કેટયાડ ઘઉંની આવકોથી ધમધમી રહ્યું છે.

સમગ્ર ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર આધારિત છે. ગત વર્ષ તેમજ શિયાળામાં પ્રમાણસર ઠંડી પડતાં ખેડૂતો દ્વારા રવિપાકનુ ઉત્પાદન કરવામાં આવ્યું હતું. જો કે ગત વર્ષે ચોમાસું નિષ્ફળ જવાના કારણે ઘઉં સહિત અન્ય રવિપાકોના વાવેતરમાં મહદઅંશે ઘટાડો જોવા મળ્યો હતો પરંતુ ચાલુ વર્ષે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં હજારો હેકટર જમીનમાં ખેડૂતોએ ઘંઉનુ વાવેતર કર્યુ હતું જે ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ઘઉંની સારી આવક જોવા મળી રહી છે.

હાલમાં હિમંતનગરના માર્કેટયાર્ડ ખાતે રોજિંદા આશરે ૮ થી ૧૦ હજાર બોરીની આવક નોધાઈ રહી છે, જયારે ગત વર્ષે એપ્રિલ મહિનાના પ્રારંભમાં ૬ થી ૮ હજાર બોરીની આવક થઈ હતી. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ઘંઉના ભાવમાં મણ દીઠ રૂપિયા ૪૦ થી ૫૦ નો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. હિમંતનગર માર્કેટયાર્ડમાં સારી ક્વોલિટીના ઘંઉના ભાવ મણ દીઠ ૪૫૦થી ૫૫૦ સુધી હરાજીમાં વેચાઈ રહ્યા છે. જયારે મધ્યમ ક્વોલિટીના ઘંઉ ૪૩૫ થી ૪૮૦ સુધી વેચાઈ રહ્યા છે. હાલમાં હિમંતનગર માર્કેટયાર્ડમાં મોટા પ્રમાણમાં ઘંઉની આવકોને લઈને માર્કેટયાર્ડમાં ખેડૂતોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે.

‘ન્યૂઝ પેપરનો રિપોર્ટર છું’ કહી પોલીસ પર રોફ જમાવતા શખ્સની અટકાયત

પાલનપુર,તા.૨૬

દાંતામાં નકલી પત્રકાર બની વાહન પર પ્રેસ લખી પોલીસે પરજ રોફ જમાવતા દાંતા પોલીસે વાહન ચલાવનાર શખ્સની અટકાયત કરી વાહન ઝપ્ત કરી દીધું હતું. દિલ્હીનું કાઈમ પ્રેસ કાર્ડ મેળવી હું હિન્દી ન્યુઝ પેપરનો રિપોર્ટર છું સારી રીતે નોકરી નહિ કરવા દઉં તેમ કહેવું યુવકને ભારી પડી ગયું હતું.

દાંતામાં આવેલા ટાઉન પીકઅપ સ્ટેન્ડ રોડ પર પોલીસકર્મીઓ વાહન ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે મારુતિ ઈકો વાન પૂરઝડપે જતા તેને દાંતા પોલીસે રોકી પૂછપરછ કરી હતી. જોકે ગાડીમાં બેઠેલા શખ્સ ગાડીમાંથી નીચે ઉતરી ×મારી ગાડી શા માટે રોકાવો છો? મને કેમ હેરાન કરો છો? હું તમને મારી ગાડીના કાગળો બતાવવાનો નથી. તમારાથી જે થાય એ કરી લેજો.

હું દિલ્હી કાઈમ અને ભ્રષ્ટાચાર વિરોધી મોરચા પ્રેસ નેશનલ હિન્દી ન્યૂઝ પેપરનો રીપોર્ટર છું . તમે મારી ગાડી કેમ રોકાવી? હું તમને સારી રીતે નોકરી નહીં કરવા દઉ. તમને જોઈ લઈશ.× તેમ કહી પોલીસ સાથે ખરાબ વર્તન કર્યું હતું. જેથી દાંતા પોલીસકર્મીઓએ ત્વરીત ગાડીની તલાશી લીધી હતી. અને ત્રણ લાખની ઈકોગાડી તેમજ પાંચ હજારનો મોબાઈલ અને આઈ કાર્ડ જપ્ત કરી પોલીસને એલફેલ બોલનાર હરેશ ગલબાજી ઠાકરડા (રહે. અભાપુરા તા.દાંતા)ને ઝડપી લઈ પોલીસ મથકે લાવી વિધિવત ગુનો દાખલ કર્યો હતો. આ અંગેની વિગતો આપતા દાંતા પોલીસ મથકના સૂત્રોએ જણાવ્યું હતું કે યુવક વિરુદ્ધ પૂર ઝડપે ગાડી હંકારવાનો, સરકારી કામમાં રુકાવટનો તેમજ ગાડીના કાગળિયા સાથે ન રાખવાનો ગુનો આચરતાં આ કાર્યવાહી કરાઈ છે.

વડોદરામાં કાર તળાવમાં પડી જતાં બેના મોત

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના લીમડા ગામના તળાવમાં કાર ખાબકતા બે સગા ભાઈઓના ડૂબી જવાથી મોત નીપજ્યાં હતા. બંને ભાઈઓ પૈકી મોટાભાઈના તા.૧૯ મી મેના રોજ લગ્ન થવાના હતા. જેને પગલે લીમડા ગામમાં શોકનો માતમ પથરાયો હતો. પરિવારમાં તો બે સગા ભાઈઓના કરૂણ મોતને પગલે આઘાતનું આભ જાણે તૂટી પડયું હતું. ઉત્તરપ્રદેશના વતની બંને યુવાનો લીમડા ગામમાં રહેતા હતા અને પાણીપૂરીનો વ્યવસાય કરીને ગુજરાન ચલાવતા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના લીમડા ગામમાં રહેતા વિરેન્દ્ર મહેન્દ્રભાઈ વર્મા(ઉ.વ.૨૦) અને ગોવિંદા મહેન્દ્ર વર્મા (ઉ.વ.૧૭) નામના બે સગા ભાઈઓ આજે સ્વિફ્ટ ડિઝાયર કાર લઈને કામ માટે નીકળ્યા હતા. લીમડા ગામના તળાવ પાસેથી તેઓ પસાર થઈ રહ્યા હતા. તે સમયે કારના સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર તળાવમાં ખાબકી હતી. તળાવમાં ખાબકતા જ કાર ઉંડા પાણીમાં ગરક થઈ ગઈ હતી. આ બનાવની જાણ ગામના ગામ લોકો અને તરવૈયાઓ આવ્યા હતા. તરવૈયાઓએ કાર સાથે તળાવમાં ડૂબેલા યુવાનોને કારનો દરવાજો તોડી બહાર કાઢ્યા હતા.

મોદીએ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કલેક્ટરની ઓફિસમાં પહોંચ્યા બાદ મોદીએ શિરોમણી અકાળી દળના નેતા પ્રકાશસિંહ બાદલના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. અન્ય તમામ નેતાઓનો પણ આભાર માન્યો હતો. મોદીના નામાંકન પત્ર જિલ્લા નિર્વાચન અધિકારી સુરેન્દ્રસિંહને મળ્યા હતા. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને મહાવિજય સોંપીને મોદી ઉપર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો ત્યારબાદ મોદી વડાપ્રધાન બન્યા હતા અને હવે પાંચ વર્ષની અવધિ પૂર્ણ થઇ છે. મોદી ફરી એકવાર વારાણસીમાંથી ચૂંટણી મેદાનમાં છે. ૨૦૧૪ની ચૂંટણીમાં મોદીનું મૂલ્યાંકન લોકોએ ગુજરાત મોડલના આધાર પર કર્યું હતું. તેમની લોકપ્રિયતાની દ્રષ્ટિએ તેમની પસંદગી કરવામાં આવી હતી. આ વખતે વારાણસીના લોકોની સામે સાંસદ તરીકે અને વડાપ્રધાન તરીકેની તેમની કામગીરી પણ રહેલી છે. મોદીના પ્રસ્તાવકોમાં ડોમરાજા પરિવાર (જગદીશ ચૌધરી), સામાજિક કાર્યકર સુભાષ ગુપ્તા, વારાણસીના વનિતા પોલિટેકનિકના પૂર્વ પ્રિન્સિપલ અન્નપૂર્ણા શુક્લા, આઈસીએઆરના વૈજ્ઞાનિક રામ શંકર પટેલનો સમાવેશ થાય છે. નરેન્દ્ર મોદીના નામાંકન માટે એનડીએના ઘટક પક્ષોના નેતાઓ પણ પહોંચ્યા હતા. શિવસેના વડા ઉદ્ધવ ઠાકરે પણ પહોંચ્યા હતા. ઉદ્ધવે પણ કાલભૈરવ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. મોદીના નામાંકન વેળા જે નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા તેમાં ભાજપ પ્રમુખ અમિત શાહ, શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે, બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર, કેન્દ્રીયમંત્રી રામવિલાસ પાસવાન, ચિરાગ પાસવાન, પલાનીસામી, કેન્દ્રીયમંત્રી નિર્મલા સીતારામન, પીયુષ ગોયેલ, પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને શિરોમણી અકાળી દળના નેતા પ્રકાશસિંહ બાદલ, કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહ, નીતિન ગડકરી, હર્ષવર્ધન, અનુપ્રિયા પટેલ, સુષ્મા સ્વરાજ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉત્તરપ્રદેશ ભાજપના અધ્યક્ષ મહેન્દ્રનાથ પાંડે સહિત અનેક ટોચના નેતા સામેલ હતા. છેલ્લી ચૂંટણીમાં મોદીની શાનદાર જીત થઇ હતી. હાલમાં વારાણસીમાં આશરે ૧૮ લાખ મતદારો છે. ૩૪ લાખની કુલ વસ્તી રહેલી છે. રાજ્યમંત્રી મનોજ સિંહા (ગાઝીપુર) અને અનુપ્રિયા પટેલ (મિરઝાપુર) કેન્દ્રમાં મંત્રી છે. યુપીમાં મહાગઠબંધન માટે વારાણસી ખુબ મુશ્કેલ છે. મોદીને આ સીટથી ૫ લાખ ૮૧ હજાર મત મળ્યા હતા. અરવિંદ કેજરીવાલને પોણા ચાર લાખ મતેથી હાર આપી હતી. કોંગ્રેસના અજય રાય ત્રીજા સ્થાને રહ્યા હતા.

ફૂંકી શકાય...● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ડિયન એરફોર્સે પાકિસ્તાનના બાલાકોટમાં જેશે મોહમ્મદના છ ત્રાસવાદી અડ્ડાઓ પૈકી પાંચને ફુંકી માર્યા હતા. ઈન્ડિયન એરફોર્સ દ્વારા જારી કરવામાં આવેલા ઈન્ટરનલ રિવ્યુ ડોક્યુમેન્ટમાં આ મુજબની વાતનો ખુલાસો કરવામાં આવ્યો છે. બાલાકોટમાં હુમલાના સંબંધમાં કેટલીક વિગત સપાટી પર આવી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે મિરાજ ૨૦૦૦ જેટ વિમાનો મારફતે ઝીકવામાં આવેલા ઈઝરાયેલી સ્પાઈસ ૨૦૦૦ દ્વારા છ ટાર્ગેટ પૈકી પાંચને ટાર્ગેટ બનાવી દેવામાં આવ્યા હતા. સુત્રોએ કહ્યુ છે કે સુધાર માટે સંભિવત ક્ષેત્રોના પોતાના મુલ્યાંકનમાં એરફોર્સે પાકિસ્તાન પર લીડ લેવા માટે ઉચ્ચ ટેકનિકલ ક્ષમતા વિકસિત કરવા પર ભાર મુક્યો છે. ઈન્ડિયન એરફોર્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે જો સેનાની પાસે ઉચ્ચ ટેકનિકલ ક્ષમતા રહી હોત તો ૨૭મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાનના નિષ્ફળ હવાઈ હુમલા વેળા પણ પાકિસ્તાનને ભારે નુકસાન થયુ હોત. આ રિપોર્ટમાં ૨૬મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાનના બાલાકોટમાં જેશના અડ્ડાઓને ફુંકી મારવાની બાબત અંગે વિસ્તૃત વાત કરવામાં આવી છે. રિપોર્ટમાં બાલાકોટ હુમલા અને પાકિસ્તાનના દુસાહસને લઈને પણ વાત કરવામાં આવી છે. ભારતે પુલવામા હુમલાનો બદલો લેવા માટે પાકિસ્તાનમાં હુમલો કર્યો હતો. એર સ્ટ્રાઈક કરવામાં આવ્યા બાદ પાકિસ્તાનમાં ભારે નુકસાન થયુ હતુ. એર સ્ટ્રાઈક બાદથી પાકિસ્તાને દોઢ મહિનાના ગાળામાં ૫૧૩ વખત યુદ્ધવિરામનો ભંગ કરીને સરહદ પર ગોળીબાર કર્યો છે. જેના કારણે સરહદ પર સ્થિતી તંગ રહી છે.

આગ ઓકતી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડિગ્રી રહ્યુ હતુ જયારે આજે ગરમીનો પારો વધુ એક ડિગ્રી વધીને ૪૩.૫ સુધી પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ છે. બીજીતરફ લઘુત્તમ તાપમાનમાં પણ એક ડિગ્રીની ગિરાવટ જોવા મળી છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં મોટો તફાવત આવી ગયો છે. અંગ દઝાડતી ગરમીથી જનજીવન પણ પ્રભાવિત છે. દિવસ દરમિયાન શહેરના માર્ગો પર સુનકાર જોવા મળી રહ્યો છે. બપોરના સમયે સેકટરોના શોપિંગ બજારમાં પણ વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. આક્રમક ગરમીથી બચવા માટે વાહન ચાલકો પણ ટોપી રૂમાલ અને દુપટ્ટામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. ઓફિસ અને ઘરોમાં સતત એસી ધમધમતા જોવા મળી રહ્યા છે. ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત પણ આકરી ગરમીમાં કફોડી બની છે. જયારે અબોલ પશુ પંખીઓ પણ વૃક્ષોનો આશરો શોધીને આકરી બપોર પસાર કરે છે. ગરમીની અસરથી સૌ કોઈ હેરાન પરેશાન છે. અસહ્ય ગરમીથી બચવા માટે નગરજનો જાતજાતના નુસખા અજમાવી રહ્યા છે.

ગુજકેટમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજપુત, એચ આર પંડયા તેમજ પ્રતિક પંડયાએ ગુજકેટના વિવિધ વિષયોના પ્રશ્નપત્રો અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે એ ગૃપના વિદ્યાર્થીઓને પ્રવેશ માટે આ પરીક્ષા મહત્વની હોવાથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. જયારે ગણિતનુ પેપર લેન્ધી પુરવાર થયુ હતુ. ૪૦ ગુણની આ પરીક્ષામાં નીટની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે બાયોલોજીનુ પેપર સરળ અને પાઠયપુસ્તક આધારિત હતુ.

જયારે ફિઝિક્સમાં પણ લાંબી ગણતરીના દાખલા ન પુછાતા નિરાંત અનુભવી હતી. જો કે બે પ્રશ્નોમાં પ્રિન્ટીંગમાં ભુલ હોવાથી મુંઝવણ ઉભી થઈ હતી. કેમેસ્ટ્રીમાં કાર્બેનિક રાસાયણ વિજ્ઞાન પણ સરળ પુછાયુ હતુ. જેથી સમય કરતા વિદ્યાર્થીઓ વહેલા પેપર પુરુ કરી દીધુ હતુ.

બાહ્ય મૂલ્યાંકન...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ નહિ આ માટે ૫૦૦થી વધુ કર્મયોગીઓની પસંદગી કરવામાં આવી છે.

તેમણે સ્વીકાર્યુ હતુ કે બાહ્ય મૂલ્યાંકનનો આ નવતર અભિગમ પ્રયોગાત્મક છે અને તેના આધારે આગામી વર્ષે વધુ ભાર મુકવામાં આવશે.

ગુણોત્સવના પરિણામોની ચકાસણી પછી અમે આ અભિગમ અપનાવવા માટે મન બનાવ્યુ હતુ અને સર્વશિક્ષા અભિયાનની ટીમ સાથે આ અંગે ચિંતન પણ કર્યુ હતુ પછી આખી રૂપરેખા તૈયાર કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે ગુણવત્તાસભર શિક્ષણ માટે સરકાર અને તંત્ર કટિબદ્ધ છે. બાળકનું શૈક્ષણિક સ્તર તેમજ તેના શૈક્ષણિક વિકાસનું સાચુ ચિત્ર મળશે જેનાથી બાળકમાં શું ખૂટે છે તે જાણવા મળશે જેથી આગામી શૈક્ષણિક સત્રનો રોડમેપ તૈયાર કરવામાં અમને સરળતા પ્રાપ્ત થશે.

જિલ્લાના આ અભિગમને આજે શહેરની શાળાઓમાં સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. વાલીઓ પણ સંતુષ્ટ જણાયા હતા.